આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

શાંતિથી ક્રોધનો નાશ કરો, નમ્રતાથી અભિમાનને જીતો, સરળતાથી માયાનો નાશ કરો, અને સંતોષથી લાભને કાબુમાં રાખો
- જનકલ્યાણ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૬૧ | ૧૨ ડિસેમ્બર, ૨૦૧૪, શુક્રવાર ; માગશર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

હેલીપેડ મેદાનમાં અદ્યતન પીએમઓ બનશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગાંધીનગરથી સરકાર ચલાવશે : સે.૧૭માં ૪૦૦૦ સ્ક્વેર મીટર વિસ્તારમાં બે માળની હંગામી પીએમઓ ઓફિસ બનશે : ૬.૫ કરોડના ખર્ચે તૈયાર થતી પી.એમ. ઓફીસમાં જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાશે

ગાંધીનગર, તા. ૧૧

સે. ૧૭ના વિશાળ હેલીપેડ મેદાનમાં વાઈબ્રન્ટ એક્સ્પો માટે અદ્યતન ડોમ્સ તૈયાર કરવામાં આવ્યા છે. જ્યારે આ સ્થળે પી.એમ.ની અદ્યતન ઓફીસ પણ તૈયાર થઈ રહી છે. આ પી.એમ.ઓ. ના નિર્માણ પાછળ અંદાજિત રૂ. ૬.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. પી.એમ.ઓ.માં દેશ-વિદેશના ડેલીગેટ્સ માટે રૂમ પણ ઉભા કરાશે. જેમાં ટેલીફોનથી લઈ હાઈ-ફાઈ નેટવર્કની તમામ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાશે.

આગામી વાઈબ્રન્ટ સમિટ ઐતિહાસિક બની રહેશે. વાઈબ્રન્ટ સમિટમાં દેશના પ્રધાનમંત્રી ઉપરાંત વિવિધ ચાર દેશોના પી.એમ. પણ હાજરી આપવાના છે. જ્યારે પ્રથમવાર વર્લ્ડની વિવિધ શ્રેષ્ઠ કંપનીઓના એમ.ડી.ઓ.ની કોન્ક્લેવ પણ યોજવામાં આવનાર છે. વાઈબ્રન્ટ સમિટ ઉપરાંત ભારતીય પ્રવાસી દિવસની ઉજવણીને અનુલક્ષી રાષ્ટ્રપતિ તેમજ અન્ય ૧૫ રાજ્યોના મુખ્યમંત્રી પણ ગાંધીનગરના મહેમાન બનશે. નરેન્દ્ર મોદી પી.એમ. બન્યા બાદ પ્રથમવારની વાઈબ્રન્ટ સમિટ ઐતિહાસિક અને ધમાકેદાર બની રહેશે. સે. ૧૭ના વિશાળ મેદાનમાં એક્સ્પો માટે અદ્યતન ડોમ્સ તૈયાર કરવામાં આવ્યા છે. જ્યારે આ સ્થળે ભવ્ય પી.એમ.ઓ. તૈયાર કરવામાં આવી રહી છે. પી.એમ. ઓફીસના સ્થળે તમામ અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવામાં આવી રહ્યું છે. કરોડોના ખર્ચે તૈયાર થતી પી.એમ.ઓ.માં દેશ-વિદેશના ડેલીગેટ્સ અને મહાનુભાવોના કોમ્યુનિકેશન માટે જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવશે તેમ પણ ધ્યાને આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વાયબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન ગાંધીનગરથી તેમની સરકારને ચલાવશે. પીએમઓને વાયબ્રન્ટ દરમિયાન દિલ્હીથી ગાંધીનગર ખસેડવામાં આવશે. આ હેતુ માટે ખાસ ઓફિસ કોમ્પલેક્સ ગાંધીનગરમાં બનાવવામાં આવનાર છે. બે માળની વડાપ્રધાનની ઓફિસ શહેરના હેલીપેડ ગ્રાઉન્ડ નજીક ચાર હજાર સ્ક્વેર મીટર વિસ્તારમાં આકાર લેશે. મળેલી માહિતી મુજબ, મોદી આ સંકુલ માટે ઈવેન્ટના

● અનુસંધાન પાન-૭ પર



કાબરનું સ્નાન - કુદરતની અદ્ભૂત લીલાનું દર્શન કરાવતી આ તસવીર આપણને આશ્ચર્યચકિત કરે છે... પક્ષીઓ પણ નિયમિત સ્નાન કરે છે... શારિરીક સ્વચ્છતામાં તેઓ નિયમિત હોય છે... તળાવના કિનારે કે હવાડામાં, સરોવરની પાળે કે કુંડામાં ભરેલા પાણીમાં સ્વસ્થતાપૂર્વક ડૂબકી મારીને પોતાની જાતને સ્વચ્છ બનાવે છે... સાથે સાથે મનમાં જાગતા પરિતાપોને શાંત કરે છે... ઠંડક મેળવે છે... અને લક્ષ્ય સુધી પહોંચવા માટેની ઉર્જા પ્રાપ્ત કરે છે... આ નિત્ય ક્રમમાં ખૂબ ચોક્કસ રહેતી કાબર પોતાની જાત માટે ખૂબ જ સંવેદનશીલ હોય છે... નાનકડુ પણ ચકોર પક્ષી જીવનક્રમને નિયમિત ઘડે છે... આંગણમાં કાબર અને ચકલી આપણી ગ્રામ્ય સંસ્કૃતિના પ્રતિક છે... પર્યાવરણ જાળવણીના રક્ષક સમા આપણા પક્ષીઓને જાળવવાની જવાબદારી માનવ સમાજે સ્વીકારવી જ પડશે... એનું જતન કરવું પડશે... આવો પક્ષી પરત્વેનો પ્રેમ જગાવીએ.... (તસવીર : કશ્યપ નિમાવત)

નવરચિત સાત જિલ્લાઓમાં જિલ્લા પંચાયતનું જાહેરનામુ પ્રસિદ્ધ

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના નવરચિત જિલ્લાના સાત જિલ્લા પંચાયતો અંગેનું જાહેરનામુ આજે પ્રસિદ્ધ કરવામાં આવતા હવે નવ રચિત સાત જિલ્લામાં જિલ્લા તાલુકા પંચાયતોની રચના કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

પંચાયત વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા કેટલાક જિલ્લાઓનું વિભાજન કરીને નવા સાત જિલ્લાઓની રચના કરવામાં આવી છે. જેમાં દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, મોરબી, બોટાદ, અરવલ્લી, મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લાની રચના કરવામાં આવેલી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નવરચિત સાત જિલ્લાઓમાં જિલ્લા પંચાયતોની રચના માટેનું જાહેરનામુ આજે પ્રસિદ્ધ કરવામાં આવ્યુંછે. આ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં હવે નવ રચિત જિલ્લાઓમાં સાત જિલ્લા પંચાયતોની રચના માટે બેઠકોની સંખ્યા અને બેઠકની સીમાંકનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અને ટુંક સમયમાં સીમાંકન કરીને બેઠકો નક્કી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આગામી વર્ષ-૨૦૧૫ માં જિલ્લા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનારી હોઈ આ ચૂંટણી પહેલા નવરચિત સાત જિલ્લાઓમાં પણ જિલ્લા પંચાયતની રચના કરવા માટેની પ્રક્રિયા હાથ ધરીને પૂર્ણ કરવામાં આવતા આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કિસાનસંઘને મનાવવા મોડીરાત્રે પ્રયાસો

૧૫મી ડિસે.ના રોજ અમદાવાદમાં ધરણા યોજવાની કિસાન સંઘની ચીમકી ઉચ્ચારતા નીતિન પટેલ કિસાન સંઘના નેતાઓ સાથે ચર્ચા કરવા બલરામ ભવન દોડી ગયા

ગાંધીનગર, તા. ૧૧

ભારતીય કિસાન સંઘે કપાસના પોષણક્ષમ ભાવના મુદ્દે આંદોલન ઉગ્ર બનાવવાની તેમજ ૧૫ ડિસેમ્બરે અમદાવાદમાં ધરણાનો કાર્યક્રમ આપવાની ચીમકી ઉચ્ચારતાં રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી નીતિન પટેલ આજે મોડી સાંજે ગાંધીનગરમાં બલરામ ભવન પહોંચ્યા હતા.

કિસાન સંઘે આરોગ્ય મંત્રી સમક્ષ કૃષિલોન અને વીજબિલમાં રાહતની માંગ સાથે કપાસના તેમજ અન્ય પાકોના પોષણક્ષમ ભાવની માંગણી કરી છે.

કિસાન સંઘના આગેવાનો સાથે બંધ બારણે બેઠક યોજાઈ હતી. કિસાન સંઘ દ્વારા કપાસના ભાવ મુદ્દે આક્રમક વલણ અખત્યાર કરતાં સરકારની ચિંતામાં વધારો થયો છે.

એક તરફ ગાંધીનગરમાં વાયબ્રન્ટ-૨૦૧૫ની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ખેડૂતોનું આંદોલન ઉગ્ર બની રહ્યુ છે તેથી સરકાર પર ભારે દબાણ ઉભુ થવા પામ્યુ છે.

બીજી તરફ કોંગ્રેસ દ્વારા પણ કપાસના ભાવોને લઈ રેલીઓ અને આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે.

આજે રવિ કૃષિ મેળા દરમ્યાન પણ એક-બે સ્થાનોએ ખેડૂતોએ દેખાવો કર્યાના અહેવાલો બાદ કિસાન સંઘ દ્વારા ૧૫મી ડિસેમ્બરના રોજ અમદાવાદમાં ધરણાની ચીમકી અપાતા જ આરોગ્યમંત્રી સે. ૧૨ સ્થિત બલરામભવન પહોંચ્યા હતા. આરોગ્ય મંત્રીશ્રીએ એક કલાક સુધી ખેડૂતો આગેવાનો સાથે ચર્ચાઓ કરી હતી.

નારાયણભાઈ દેસાઈની તબીયતમાં નજીવો સુધારો

ગાંધીનગર, તા. ૧૧

પીઢ ગાંધીવાદી અને ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ નારાયણ દેસાઈ ગઈકાલે કોમામાં જતાં રહ્યા બાદ તેઓને સુરતની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તેમની તબીયતમાં નજીવો સુધારો થયો હોવાનું તેમના પારિવારિક સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. પરિવારના સભ્યોને તેઓ ઓળખી શકે છે.

શ્રી નારાયણ દેસાઈ ગઈકાલે વેડછી ખાતે એકાએક કોમામાં સરી પડ્યા હતા. બારડોલીમાં તેઓને પ્રાથમિક સારવાર અપ્યા બાદ વધુ સારવાર માટે સુરતની મહાવીર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ૯૦ વર્ષિય નારાયણભાઈ દેસાઈને નાજુક હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ આજે તેઓની તબીયતમાં નજીવો સુધારો થયો હોવાનું તબીબોએ જણાવ્યુ છે. તેમના નજીકના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે કે તેઓ ક્યારેક ક્યારેક આંખો ખોલી શકે છે. આ દરમ્યાન તેઓ પરિવારના સભ્યોને ઓળખી શકે છે.

ગાંધીનગર સહિત ૨૦ જિલ્લાઓમાં શ્રમકલ્યાણ મેળા યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

આગામી ૨૫મી ડિસેમ્બરના રોજ પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઈના જન્મદિને શ્રમિક કલ્યાણ મેળાનું વિશિષ્ટ આયોજન જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર કે તેની આસપાસના સ્થળે આ શ્રમિક કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવશે. જેમાં ખાસ કરીને અસંગઠીત ક્ષેત્રના કામદારો માટે રાજ્ય સરકારે અમલી બનાવેલ કલ્યાણકારી યોજનાઓનો લાભ સીધો આપવાનો પ્રયાસ કરાશે.

રાજ્ય સરકાર દ્વારા કૃષિ મેળા બાદ હવે શ્રમિક કલ્યાણ મેળાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ દિવસે શ્રમ હેલ્થ લાઈન નામનુ વિશેષ વેબ પોર્ટલ પણ લોંચ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આ આયોજનની તડામારતૈારીઓ ચાલી રહી છે. આ અસંગઠિત ક્ષેત્રના કામદારોને આધારકાર્ડ, પ્રધાનમંત્રી જનધન યોજના, મનરેગા, મા અમૃત વાત્સલ્યમ્ જેવી યોજના તળે આવરી લેવાનું આયોજન હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર સહિત રાજ્યના ૨૦ જિલ્લાઓમાં આ મેળાનું આયોજન કરવામાં આવનાર હોવાનું ક્ષમ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

ભવ્ય વેદ પુરાણ ગ્રંથ પોથી શોભાયાત્રા

૧૨ ડિસેમ્બર, ૨૦૧૪ શુક્રવાર
બપોરે ૩.૦૦ થી ૬.૦૦
પ્રારંભ સ્થળ
ગાયત્રી મંદિર, સેક્ટર-૧, ગાંધીનગર
વિરામ સ્થળ
રામકથા મેદાન, ગાંધીનગર

શોભાયાત્રા રૂટ
- ગાયત્રી મંદિર, સેક્ટર-૨ થી નીકળી સ્વામિનારાયણ મંદિર થી ડાબીબાજુ રીંગરોડ પર ચંદ્રમોલેશ્વર મહાદેવ.
- મહુડી મંદિર થઈને સેક્ટર-૩માં હાઈ-ટેક હોસ્પિટલ થઈ અંબાજી માતાના મંદિરથી સાંઈબાબા મંદિરે જશે.
- ઓમકારેશ્વર મહાદેવ, સેક્ટર-૪ થઈ હનુમાનજી મંદિર થઈ પંચદેવ મંદિર સેક્ટર-૫/એ થઈ મહાદેવ મંદિર સેક્ટર-૬ તરફ.
- સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭ થઈ પોલીસ સ્ટેશનથી જમણી બાજુ રીંગ રોડ પર થઈ ચૌધરી સ્કૂલ થઈ રામકથા મેદાન, સેક્ટર-૧૧માં પહોંચશે.

પરા અમ્બા ભગવતી મા કામાખ્યા દેવીની કૃપા અને આશીર્વાદથી
ગાંધીનગરની પાવન ભૂમિ પર...

જાહેર આમંત્રણ

વિરાટ ભક્તિ વેદાન્ત યોગ સંત પ્રવચન

૧૩ ▪ ૧૪ ▪ ૧૫ ડિસેમ્બર, ૨૦૧૪ રામકથા મેદાન, સેક્ટર-૧૧, ગાંધીનગર



રાષ્ટ્રીય ક્રાંતિકારી સંત શ્રી શ્રી ૧૦૮ સ્વામિ શ્રી વૈરાગ્યાનંદગિરિજી મહારાજ

શ્રી વાત્સલ્યમૂર્તિ સાધ્વી ઋતમ્ભરાજી 'દીદીમાં'

સમાજમાં શાંતિ, દિવ્યતા અને હકારાત્મક વિચારોનું સિંચન કરીએ, સાચી સમજ પ્રગટાવીએ...

૧૩-૧૨-૨૦૧૪, શનિવાર	૧૪-૧૨-૨૦૧૪, રવિવાર	૧૫-૧૨-૨૦૧૪, સોમવાર
દિપ પ્રાગટ્ય : સવારે - ૧૦.૦૦	શ્રી શ્રી ૧૦૦૮ શ્રી મહામંડલેશ્વર સ્વામિ શ્રી શાન્તિસ્વરૂપાનંદગિરિજી	શ્રી શ્રી ૧૦૦૮ શ્રી મહામંડલેશ્વર સ્વામિ શ્રી અનુભૂતાનંદગિરિજી
પરમ પૂજ્યા શ્રી વાત્સલ્યમૂર્તિ સાધ્વી ઋતમ્ભરાજી 'દીદીમાં'	શ્રી શ્રી ૧૦૦૮ શ્રી મહામંડલેશ્વર સ્વામિ શ્રી શાશ્વતાનંદગિરિજી	શ્રી શ્રી ૧૦૦૮ શ્રી મહામંડલેશ્વર સ્વામિ શ્રી પરમાત્માનંદગિરિજી
શ્રી શ્રી ૧૦૦૮ શ્રી મહામંડલેશ્વર સ્વામિ શ્રી ચિત્પ્રકાશાનંદગિરિજી	પરમ પૂજ્યા ગુરુમા સમાનંદ સરસ્વતિજી	સાધ્વી પરમ પૂજ્યા નિરંજનજ્યોતિ (કેન્દ્રીય મંત્રી)
સંત પ્રવચન સવારે : ૧૦.૦૦ થી ૧૨.૦૦ બપોરે : ૨.૦૦ થી ૫.૩૦	સંત પ્રવચન સવારે : ૯.૦૦ થી ૧૨.૦૦ બપોરે : ૨.૦૦ થી ૫.૩૦	સંત પ્રવચન સવારે : ૯.૦૦ થી ૧૨.૦૦ બપોરે : ૨.૦૦ થી ૫.૩૦

શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામિ શ્રી ચિત્પ્રકાશાનંદ ગિરિજી

સંપર્ક સૂત્ર
શ્રી અશોકભાઈ પટેલ (વકીલ) 99789 11931
શ્રી પ્રતાપભાઈ ઠક્કર 98250 29061

નિમંત્રક : રાષ્ટ્રીય ક્રાંતિકારી સંતશ્રી શ્રી ૧૦૮ સ્વામિ શ્રી વૈરાગ્યાનંદગિરિજી મહારાજ (વિશેષ કામાખ્યા ઉપાસક) તથા આયોજન સમિતિ, ગાંધીનગર.